Paper Code - 3112

B.Com. Semester-I New Course
July - Sept -2021
FINANCIAL ACCOUNTING –I (Theory)

કુલ સમય :– ૩૦ મીનીટ કુલ પ્રશ્નો : ૨૫ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૧૮

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૧૮ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૧૮ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(1) પાઘડીએ કેવા પ્રકારની મિલકત છે ?
(અ) દ્રશ્ય મિલકત (બ)અદ્રશ્ય મિલકત (ક) ચાલુ મિલકત (ડ) એક પણ નહી

(2) ધંધાની ખરીદ કિમત કરતા ધંધાની ચોખ્ખી મિલકતો ઓછી હોય તો તફાવતની રકમ
(અ) મૂડી અનામત (બ) પાઘડી (ક) દેવાઓ (ડ) આમાંથી એકપણ નહી

(3) ધંધાની ખરીદ કિમત રૂ. ૧,૬૫,૦૦૦ નક્કી થઇ અને તે વખતે ખરીદનાર કંપની માટે પાઘડી રૂ. ૨૨,૦૦૦ ઉદભવતી હોય ,તો તે કંપની એ રૂ. ૨૨,૦૦૦ મૂડી અનામત ઉદભવે તે માટે કઈ ખરીદ કિમત નક્કી કરવી જોઈએ ?
(અ) રૂ. ૧,૨૧,૦૦૦ (બ) રૂ. ૧,૧૦,૦૦૦ (ક) રૂ. ૯૯,૦૦૦ (ડ) આમાંથી એકપણ નહી

(4) પ્રાથમિક ખર્ચ ક્યાં પ્રમાણમાં નોંધાશે-
(અ) સમયના પ્રમાણમાં (બ)વેચાણના પ્રમાણમાં (ક) નોંધણી પહેલાંના સમયમાં (ડ) નોંધણી પછીના સમયમાં

(5) નોંધણી પહેલાંના ધંધામાં નુકસાન હોય તો તે ઉધારવામાં આવશે:
(અ) નફા-નુકસાન ખાતે (બ) પાઘડી ખાતે (ક) મૂડી અનામત ખાતે (ડ) ઉપરનામાંથી કોઈપણ નહિ

(6) કંપનીની સ્થાપનાનો ખર્ચ કઈ રીતે ફાળવવો જોઈએ ?
(અ) નોંધણી પછીના સમયના ખર્ચ તરીકે (બ) નોંધણી પહેલાંના સમયના ખર્ચ તરીકે
(ક) નોંધણી પહેલાં અને પછીના સમયના પ્રમાણમાં (ડ) નોંધણી પહેલાં અને પછીના વેચાણના પ્રમાણમાં

(7) ડીરેકટર ફી કયા આધારે ફાળવવામાં આવે છે ?
(અ) નોંધણી પછી (બ) નોંધણી પહેલાં (ક) વેચાણના પ્રમાણમાં (ડ) સમયના પ્રમાણમાં

(8) ડીબેન્ચર વટાવ એ .....પ્રકારની મિલકત છે?
(અ) કાયમી મિલકત (બ) ચાલુ મિલકત (ક) અવાસ્તવિક મિલકત (ડ) ઉપરોકત પૈકી એકપણ નહીં

(9) સેબીની માર્ગદર્શિકા મુજબ શેર અરજી સાથે ઓછામાં ઓછી કેટલી રકમ માંગવાની હોય છે ?
(અ) ૫% (બ) ૧૦% (ક) ૨૦% (ડ) ૨૫%

(10) શેર જપ્તી ખાતાની બાકી ક્યાં ખાતે લઇ જવામાં આવે છે ?
(અ) બેક ખાતું (બ) શેર જપ્તી ખાતું (ક) મૂડી અનામત ખાતું (ડ) ઉપરોક્ત બધા

(11) ધંધાની ખરીદ કિમત + મૂડી અનામત =.....
(અ) ધંધાની ચોખ્ખી મિલકતો (બ) પાઘડી (ક) અવેજ (ડ) ધંધાની કુલ મિલકતો

(12) ધંધાની ખરીદી વખતે કંપનીએ નીચે મુજબ ચુકવણી કરી : રૂ. ૧૦૦ નો એક લેખે ૩,૦૦૦ ઇક્વિટી શેર ૧૦ % પ્રીમિયમે , રૂ, ૧૦નો એક લેખે ૫,૦૦૦ ડિબેન્ચર્સ ૧૦% વટાવે અને ચેક રૂ. ૪૦,૦૦૦ ધંધાની ખરીદ કિમત જણાવો.
(અ) રૂ. ૩,૯૦,૦૦૦ (બ) રૂ.૩,૮૫,૦૦૦ (ક) રૂ. ૪,૨૦,૦૦૦ (ડ) રૂ. ૪,૧૫,૦૦૦

(13) જો ખરીદ કિમત, ચોખ્ખી મિલકતોની કિમત કરતા ઓછી હોયતો તેના તફાવતને શું કહેવાય ?
(અ) પાઘડી (બ) ખરીદ કિમત અવેજ (ક) મૂડી અનામત (ડ) આમાંથી એકપણ નહી

(14) મહતમ નુકશાનની પધ્ધતિમાં જો કોઈ ભાગીદારની મૂડીની રકમ ઋણ આવે તો તે રકમ અન્ય ભાગીદારો વચ્ચે:
(અ) મૂડીના પ્રમાણમાં વહેચાય (બ) નફા નુકશાનના પ્રમાણમાં વહેચાય (ક) વહેચાય નહિ (ડ) એક પણ નહિ

(15) રોકડની હપ્તે હપ્તે વહેચણીમાં ન.નું.ખાતાની ઉધાર બાકી –
(અ) ભાગીદારોની મૂડીમાંથી બાદ થશે (બ) ભાગીદારોની મૂડીમાં ઉમેરાશે (ક) વહેચણી થશે નહિ (ડ) હપ્તામાંથી બાદ થશે

(16) પાકા સરવૈયામાં બાકી હપ્તાની રકમ કયા દર્શાવામાં આવશે ?
(અ) મંગાવેલી મૂડીમાંથી બાદ કરીને (બ) અનામત અને વધારાના શીર્ષક હેઠળ
(ક) મૂડી અનામતમાંથી બાદ કરીને (ડ) શેરજપ્તી ખાતાની રકમ બાદ કરીને

(17) વટાવેલ હુંડી પાકા સરવૈયામાં કયા મથાળા હેઠળ દર્શાવશે?
(અ) અનામત અને વધારો (બ) ચાલુ જવાબદારી અને જોગવાઈ (ક) તારણવગરની લોન (ડ) સંશયિત દેવું

(18) રોકડની હપ્તે હપ્તે વહેંચણીની પધ્ધતિઓ કેટલી છે ?
(અ) બે (બ) ત્રણ (ક) પાંચ (ડ) સાત

(19) નોંધણી પહેલાંનો નફો શું ગણાય ?
(અ) મૂડી આવક (બ) મહેસુલી આવક (ક) મૂડી નફો (ડ) મહેસુલી નફો

(20) નોંધણી પહેલાંનો નફો.....ખાતે લઇ જવામાં આવે છે ?
(અ) સામાન્ય અનામત (બ) મૂડી અનામત (ક) પાઘડી (ડ) અનામત ભંડોળ

(21) રૂ.૨૦૦ ના ઈ.શેર માટે ઓછામાં ઓછી મંગાવાની રકમ જણાવો.
(અ) રૂ.૫ (બ) રૂ.૧૦ (ક) રૂ.૧૫ (ડ) રૂ૨૦

(22) જયારે શેર જપ્ત થયેલા શેર પર મંગાવેલી રકમ ઉધાર થશે –
(અ) શેરમૂડી ખાતે (બ) શેર હપ્તા ખાતે (ક) મૂડી અનામત ખાતે (ડ) શેર જપ્તી ખાતે

(23) રાધે લીમીટેડે રૂ.૩૦૦ નો એક એવા ઈ.શેર ૧૦૦% પ્રીમિયમે બહાર પાડયા.સેબીની માર્ગદર્શિકા મુજબ અરજી સાથે મંગાવવાની શેરદીઠ ઓછામાં ઓછી રકમ કેટલી થશે?
(અ) રૂ.૧૫ (બ) રૂ.૩૦ (ક) રૂ.૭૫ (ડ) રૂ.૧૫૦

(24) વિસર્જન ખર્ચ માટેની અનામત રકમ કયા હપ્તામાંથી બાદ કરવામાં આવે છે ?
(અ) પ્રથમ (બ) દ્વિતિય (ક) તૃતીય (ડ) છેલ્લા હપ્તામાંથી

(25) ટેબલ “એ” મુજબ અગાઉથી મળેલ હપતા ઉપર કંપની વધુમાં વધુ વ્યાજ ચૂકવી શકે છે ?
(અ) ૫% (બ) ૬% (ક) ૧૦% (ડ) ૨.૫%